**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 23-05-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## સાતમા તબક્કાના મતદાનની તૈયારી

લોકસભા ચૂંટણીના સાતમાં તબક્કાના મતદાનની તૈયારીઓ ચાલી રહી છે. આ તબક્કામાં આઠ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ મળીને 57 બેઠકો માટે મતદાન થવાનું છે. જેમાં 904 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

અંતિમ તબક્કામાં ઉત્તરપ્રદેશ અને પંજાબની 13 – 13, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની 3, કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની એક બેઠક માટે મતદાન થશે. જ્યારે પરિણામ 4 જૂનના રોજ જાહેર થશે.

**RNU અમદાવાદ**

---

## વીજળીના સ્માર્ટ મીટર

વીજળીના સ્માર્ટ મીટર પ્રાયોગિક ધોરણે  સરકારી કચેરીઓમાં લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારી કચેરીઓમાં તેના સફળ ઉપયોગ બાદ લોકોના ઘરોમાં લગાવવામાં આવશે.

રાજ્ય સરકારના ઉર્જા વિભાગના મેનેજીંગ ડાયરેક્ટર જયપ્રકાશ શિવહરેએ ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સ્માર્ટ મીટર અંગે જે વિગતો સામે આવી છે, તેની તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધી એક પણ કેસમાં તથ્ય જોવા મળ્યું નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમે જૂના મીટર અને સ્માર્ટ મીટર બંને ચાલુ રાખીશું. આમાં કોઇ વિસંગતતા જોવા મળશે તો તેને સુધારવાની અમારી જવાબદારી છે.

**RNU અમદાવાદ**

---

## પૂરક પરીક્ષા માટે આવેદનની અવધિ એક દિવસ લંબાવાઇ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બૉર્ડે ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહની પૂરક પરીક્ષા માટેની ઑનલાઈન આવેદન કરવાની તથા ફી ભરવાની કામગીરી કરવા માટેની અંતિમ તારીખ એક દિવસ લંબાવીને 23 મે સુધી કરી છે.

ધોરણ 10માં ત્રણ અને ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહમાં બે વિષયમાં ગેરહાજર કે

નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------------

## કપાસનું બિયારણ

રાજ્યના ખેડૂતોએ કપાસનું બિયારણ સરકાર માન્ય સંસ્થા પાસેથી જ ખરીદવું એવું રાજ્ય સરકારે જાહેર કરેલી માર્ગદર્શિકામાં કહેવામાં આવ્યું છે. સંયુક્ત ખેતી નિયામક બી. વી. વસોયાએ કહ્યું કે, ખેડૂતોએ બિયારણના માન્ય જાત અસલ જ છે. બિયારણની જાત પર કેટલા ટકા દર્શાવ્યા છે. તે બધું ચકાસવું જોઈએ. ખેડૂતોએ અધિકૃત લોકો પાસેથી જ બિયારણની ખરીદી કરવી જોઈએ તેવી સલાહ આપી હતી.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------------

## વૈશાખી તાપથી જિલ્લાનું જનજીવન પ્રભાવિત

વૈશાખી તાપને પગલે જિલ્લામાં જનજીવન પ્રભાવીત થયું છે. જિલ્લામાં અગાઉના તમામ રેકોર્ડ તોડી મહત્તમ પારો નવા વિક્રમી આંકને પાર કરી રહ્યો છે. ગઇકાલે કંડલા હવાઇ મથક ખાતે મહત્તમ ઉષ્ણાતામાન ઊંચકાઈને ન માત્ર કચ્છ પરંતુ આખા રાજ્યના સર્વોચ્ચ એવા 46.1 ડિગ્રીએ પહોંચતાં જનજીવન ત્રસ્ત બન્યું હતું. રાજ્યના ત્રણ શહેરમાં 45, તો પાંચ શહેરમાં 44 ડિગ્રીથી વધુ ઉષ્ણાતામાન નોંધાયું હતું. અંજાર-ગળપાદર ઉપરાંત ગાંધીધામ અને કંડલા સંકુલ ખાતે 2016

પછીનો સૌથી ગરમ દિવસ અનુભવાયો હતો. જિલ્લામાં સર્વત્ર ગરમીની પગલે જનજીવન લૂથી ત્રસ્ત બન્યું છે. જિલ્લા મથક ભુજમાં 44.3 ડિગ્રીએ વર્તમાન ઉનાળાનો સૌથી આકરો તાપ અનુભવાયો હતો. તેની સાથે છેલ્લા એક દાયકાનો ત્રીજો સૌથી ગરમ દિવસ જિલ્લા મથકના લોકોએ અનુભવ્યો હતો. કંડલા બંદરે પણ મહત્તમ ઉષ્ણાતામાન ઊંચકાઈને 40 ડિગ્રીની નજીક પહોંચ્યો હતો. ભુજ-ગાંધીધામ, અંજાર જેવાં શહેરોમાં મુખ્ય માર્ગો પર બપોરના સમયે સાવ પાંખી ચહલ-પહલ રહેવા સાથે ઉનાળુ સંચારબંધી લદાઈ હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. હવામાન વિભાગે હજુ પાંચ દિવસ ગરમીનું ઉષ્ણ મોજું જારી રહેવાની આગાહી કરી ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.

**N.P. કલ્પના શાહ**

---

## ક્રિકેટ

રાજસ્થાન રોયલ્સ ટીમે રોયલ ચેલેન્જર બેંગલુરુ ટીમને 4 વિકેટે પરાસ્ત કરી આઇપીએલની મેચમાં મહત્વની સફળતા મેળવી છે. અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની એલીમીનેટર મેચમાં બેંગલુરુ ટીમે 8 વિકેટ ગુમાવી 172 રન કર્યા હતા. રાજસ્થાન ટીમે  6 વિકેટના ભોગે 174 રન કરી મેચ જીતી લીધી હતી. આ મેચ સાથે બેંગલુરુ ટીમ આઇપીએલની સ્પર્ધામાંથી બહાર થઈ ગઈ છે, જ્યારે વિજેતા રાજસ્થાન ટીમનો અંતિમ મુકાબલો આવતીકાલ 24 મીએ ચેનઇ ખાતે સનરાઇઝર હૈદરાબાદ ટીમ સામે થશે.

ચંદ્રવદન પટ્ટણી

---

## શ્રમયોગીઓને વિશ્રામ આપવા નિર્ણય

રાજ્યમાં ગરમીના પ્રકોપને જોતા સરકારે બપોરે એક વાગ્યાથી ચાર વાગ્યાના સમયગાળા દરમિયાન બાંધકામ સહિતની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા શ્રમયોગીઓને પગાર કાપ્યા વગર વિશ્રામ આપવાનો નિર્ણય કર્યો છે. આ સૂચનાનું પાલન નહીં કરવા બદલ શ્રમિક હેલ્પલાઈન નંબર એક પાંચ પાંચ ત્રણ સાત બે નંબર પર ફરિયાદ નોંધાવી શકાશે.

**RNU** અમદાવાદ

---

## સિરક્રીક વિસ્તારને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા આયોજન

સિરક્રીક અને તેની આસપાસના વિસ્તારને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા માટે આયોજન ઘડાઇ રહ્યું છે જે અંતર્ગત ક્રીકના કીચડમાં સર્જાતા ઢૂંવા (મડફ્લેટ્સ)ને સંભવિત પ્રવાસન હોટસ્પોટ્સ તરીકે તારવવામાં આવ્યા છે અને આવાં સ્થળોને પ્રવાસનની દ્રષ્ટિથી વિકસાવા માટે ભલામણ કરવામાં આવી છે.

**N.P.** કલ્પના શાહ

---